વિના સહકાર નહિ ઉધ્ધાર

# શ્રી કંચનપુર ગ્રામ પંચાયત

સરપંચ શ્રી : મો. ૯૯૭૯૦૮૬૨૧૮/૯૪૮૪૮૮૮૧૧૧

મુ. કંચનપુર, તા. જામ ખંભાળિયા, જી. દેવભૂમિ દ્વારકા.

પ્રતી શ્રી,

તા. 30/07/2020

મહેશ પંડિયા,

વિષય : આપના સબમિશન થી નયારા એનર્જી લી. કંપનીની લોક સુનાવણી સ્થગીત થયેલ છે તેવુ ન્યુઝ પેપર મા આપતા અમારી લગણી દુભાવા બાબત.

ઉપરોક્ત વિષય અનુસંધને જણાવવાનુ કે, આપના દ્વારા ન્યુઝ પેપર મા જાહેરાત આપેલ છે કે આપના દ્વારા સબમિશન કરાવવાથી નયારા એનર્જી લી. કંપનીની લોક સુનાવણી સ્થગીત રાખવામા આવેલ છે આ વાંચી અમારી લગણી ને ઠેશ પહોંચી છે કેમ કે કંપની દ્વારા જે ભૂગર્ભ જળનુ પ્રદુષણ ફેલાવવામા આવે છે તેના વિરુધ્ધ ઘણા લાંબા સમય થી કાનુની લડત ચાલુ હોય સાથે સાથે નયારા એનર્જી લી. કંપની પોતનો પેટ્રોકેમિકલ પ્લાન્ટ વધારવા જઈ રહિ છે ત્યારે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગુજરાત સમાચારમા જાહેરાત આપવા મા આવેલ હતી જેમા જણાવેલ હતુ કે લેખીત મા વાંધા અરજી કરવી પરંતુ તેમા લોક સુનાવણી કરવા માટે કોઈ ઉલેખ ન હતો માટે તા. ૨૬/૦૭/૨૦૧૯ રોજ અમો જમિની સ્તરના લોકો દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ને લોક સુનાવણી કરવા માટે સબમિશન કરાવેલ પરંતુ લોક સુનાવણી ને બાય પાસ કરી કંપની પરમિશન મેળવવા માટે ઈએસી કમિટી દિલ્હી મા જતી રહિ તો અમારા દ્વારા તા. ૨૦/૦૨/૨૦૨૦ના રોજ ઈએસી ની કમિટીની મિટીંગ મા સબમિશન કરવા મા આવ્યુ તથા નામદાર હાઈ કોર્ટના વરિષ્ઠ વકિલ શ્રી આનંદભાઈ યાગ્નિક દ્વારા નામદાર હાઈ કોર્ટ મા પિટીસન કરવામા આવિ કે લોક સુનાવણી થવી જોઈએ અને ત્યાર બાદ ઈએસી કમિટી પ્રક્રિયા સ્થગીત રાખી લોક સુનાવણી કરવા માટે પાછા આવ્યા. ત્યાર બાદ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા. ૧૯/૦૩/૨૦૨૦ રોજના ગુજરાત સમાચારમા લોક સુનાવણી માટે જાહેરાત આપવા મા આવી પરંતુ કોવિડ ૧૯ ના કારણે આવેલ લોક ડાઉન હોવાથી અમારા દ્વારા તા. ૦૬/૦૪/૨૦૨૦ ના રોજ ગુજરાત

Scanned with CamScanner

પ્રદુષણ બોર્ડ ને લોક સુનાવણી સ્થગીત રાખવા સબમિશન કરાવેલ તથા ગુજરાત પ્રદુષણ બોર્ડ દ્રારા લોક સુનાવણી સ્થગીત રાખવા મા આવેલ. તા. ૨૬/૦૬/૨૦૨૦ ના રોજ ગુજરાત પ્રદુષણ બોર્ડ દ્રારા ગુજરાત સમાચાર મા જાહેરાત આપવા મા આવેલ કે તા. ૨૮/૦૭/૨૦૨૦ ના રોજ નયારા એનર્જી લી. કંપનીની લોક સુનાવણી યોજવા મા આવશે પરંતુ કોવિડ-૧૯ પરિસ્થી ખરાબ હોવાથી અમો જમિની સ્તરના લોકો દ્રારા ક્રમસહ તા.૦૯/૭/૨૦૨૦, તા. ૧૪/૦૭/૨૦૨૦, તા. ૧૫/૦૭/૨૦૨૦ ના ૩ સબમિશન, તા. ૧૬/૦૭/૨૦૨૦ ના ૨ સબમિશન, તા.૨૦/૦૭/૨૦૨૦, તા. ૨૩/૦૭/૨૦૨૦ સબમિશન લોક સુનાવણી સ્થગીત રાખવા માટે મેમ્બર સેક્રેટરી- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધિનગરને સબમિશન કરાવેલ.

નયારા એનર્જી લી. કંપનીની લોક સુનાવણી સ્થગીત રાખવા પાછળ જમિની સ્તરના હજારો લોકો તથા નામદાર હાઈ કોર્ટના વરિષ્ઠ વકિલ શ્રી આનંદભાઈ યાગ્નિકનો સિંહ ફાળો રહેલો છે, આપના દ્રારા ખોટી પ્રસિધ્ધિઓ મેળવવા માટે ન્યુઝ પેપરમા ન આપવુ અને આપના દ્રારા કાઊન્ટર વ્યુ મા પણ આજ રિતે જણાવેલ કે આપના સબમિશન ના કારણે નયારા એનર્જી લી. કંપનીની લોક સુનાવણી સ્થગીત રાખેલ છે પરંતુ અમારા દ્રારા વરંવાર સબમિશન કરાવવામા આવે છે આપના દ્રારા આવિ જાહેરાત પર થી એવુ સ્પષ્ટ લગી રહ્યુ છે કે આપ ખોટી પ્રસિધ્ધિઓ તથા પ્રસન્સા મેળવવા માટે ન્યુઝ પેપરમા આપી રહ્યા છો, તો આપ આવુ ન કરતા અમારી લગણી દુભાવવી તે યોગ્ય નથી.

જાકીમબેન બસીર ખરી

સરપચ

[illegible]પુર ગ્રામ પચાયત

Scanned with CamScanner